

શહેરમાં સેકટર-૨૫ ખાતે આવેલી મધુર ડેરીમાં ગાંધીનગર ફાયર બ્રિગેડના સહયોગથી મોકડ્રીલ યોજવામાં આવી હતી. મોક ડ્રીલમાં મધુર ડેરીના કર્મચારીઓને આકસ્મિક ઘટના બને તો શું કરવું જોઈએ તે માટે જરુરી માર્ગદર્શન ફાયર બ્રિગેડ દ્વારા કર્મચારીઓને આપવામાં આવ્યું હતું. જેમાં ડેરીના તમામ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં. *(તસવીર : દિપક જાની)*

# ધોળાકુવાની કિશોરીની હત્યા પાછળ કોઈ જાણભેદુનો હાથ

## પોલીસ દ્વારા પરીવારજનો અને પડોશીઓની પુછપરછ ચાલુ પરંતુ હજુ ચોક્કસ કડી મળી નથી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરમાં ચકચાર મચાવી દેનાર ધોળાકુવાની કિશોરીની હત્યા કરી કોથળામાં ફેંકી દેતી ઘટનામાં સે. ૭ પોલીસે ઝીણવટભરી તપાસ શરૂ કરી છે. હત્યા પાછળ કોઈ જાણભેદુ શખ્સ હોવાની પ્રબળ શંકા છે. પોલીસે તે દિશામાં ઉંડી તપાસ આરંભી છે. હાલ આ ઘટનાની તપાસ સેકન્ડ પી.આઈ. કે.એમ. જોસેફ ચલાવી રહ્યા છે.

ધોળાકુવા ગામમાં રહેતી ૧૫ વર્ષની કિશોરી આશા ગુમ થઈ ગયાના બીજા જ દિવસે વહેલી સવારે મૃત હાલતમાં ગામની પાદરેથી મળી આવી હતી. કોથળામાં હત્યા કરીને બાંધી દઈ ફેંકી દેવાયેલી હાલતમાં કિશોરીનો મૃતદેહ મળતા સન્નાટો મચી જવા પામ્યો હતો. કોણે હત્યા કરી ? કયા કારણે હત્યા થઈ ? તે સહીતના પ્રશ્નોએ વેગ પકડ્યો છે. ત્યારે ગાંધીનગર એફએસએલ અને ડોગ સ્કવોર્ડની મદદથી વૈજ્ઞાનિક ઢબે ગુનેગાર સુધી પહોંચવા પોલીસે તજવીજ આરંભી છે. આ હત્યામાં કોઈ નજીકનુ અથવા જાણભેદુ હોવાની શંકાને આધારે પોલીસે તે દિશામાં ઉંડી તપાસ શરૂ કરી છે. પડોશીઓ તથા પરીવારજનોની પુછતાછ તપાસનીસ અધિકારીએ આરંભી છે. જો કે હજુ સુધી કોઈ નક્કર કડી મળી નથી.

# સે. ૧૩માં નિકાલ હેઠળના ૧૦૨ મકાનો તોડી નંખાશે

## અગાઉ પણ ૭ બ્લોક ભયજનક હોવાથી તોડી પાડવામાં આવ્યા હતા

ગાંધીનગર, તા. ૧૨

સે. ૧૩માં નિકાલ હેઠળના ૧૦૨ સરકારી આવાસો તોડી પાડવામાં આવશે. થોડા સમય અગાઉ પણ જ-૧ કક્ષાના ૭ બ્લોક તોડવામાં આવ્યા હતા. આગામી દિવસોમાં અન્ય ૧૭ બ્લોક તોડવાનું પણ કામ હાથ ધરાશે.

શહેરમાં નિકાલ હેઠળના ભયજનક મકાનોનો મામલો છેલ્લા ૭ વર્ષથી ટલ્લે ચઢ્યો હતો. સે. ૬માં ગત વર્ષ દરમિયાન એક બ્લોક અચાનક જ જમીનદોસ્ત થતા જોખમી આવાસોના મામલે તંત્ર સફાળુ જાગ્યું હતું. સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના ૧૬ હજાર જેટલા સરકારી આવાસો પૈકી ૧૯૦૦ મકાનો અત્યંત કંગાળ અને ભયજનક હાલતમાં હોવાનું સર્વેના અંતે ધ્યાને આવ્યું હતું. સેકટરોમાં સ્થિત આ ખાલી મકાનો લાંબા સમયથી ભયજનક હાલતમાં હોવા છતાં મકાનોનો નિકાલ કરવાનો મામલો વિલંબમાં પડ્યો હતો. આખરે થોડા સમય અગાઉ આ અંગે ઉચ્ચકક્ષાએ પ્રેઝન્ટેશન થતા નિકાલ હેઠળના મકાનોને તબક્કાવાર તોડી પાડવાનો નિર્ણય લેવાયો હતો. આ અન્વયે સે. ૧૩માં બે મહિના પૂર્વે 'જ' કક્ષાના ૭ બ્લોક તોડી નાંખવામાં આવ્યા હતા.

વધુમાં આ સેકટરમાં હજુ પણ ભયજનક આવાસો હોવાથી જ-૧ કક્ષાના અન્ય ૧૭ જેટલા બ્લોક અલબત્ત ૧૦૨ યુનિટો તોડી નાંખવા માટે તંત્ર દ્વારા ગત મહીના દરમિયાન ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આગામી દિવસોમાં આ ભયજનક મકાનો તોડી પાડવાનુ કામ શરૂ કરાશે.



સ્વર્ણિમ પાર્ક - સ્વર્ણિમ પાર્કના ફેઝ-૨માં ઘ-૪ થી ચ-૪ વચ્ચેની સેન્ટ્રલ વિસ્ટા નયનરમ્ય બનાવવા તડામાર કામગીરી ચાલી રહી છે... છેલ્લા દોઢ મહિનાથી બંને તરફથી બંધ કરાયેલા બંને માર્ગોની તોડફોડ કરી સેન્ટ્રલ વિસ્ટાને પહોળી અને આકર્ષક બનાવવા યુદ્ધના ધોરણે કામગીરી ચાલી રહી છે... (તસવીર : દિપક જાની)

# આર.ટી.ઓ.માં દ્વી ચક્રી વાહનો માટે જી.જે.૧૮ સી.જી.ની નવી સીરીઝ

## નવી સીરીઝમાં પસંદગીના નંબર માટે ૧૧ એપ્રિલે હરાજી

ગાંધીનગર, તા. ૧૨

આર.ટી.ઓ. કચેરીમાં આગામી તા. ૧૧ એપ્રિલથી દ્વી-ચક્રી વાહનોની નવી સીરીઝ જી.જે.૧૮.સી.જી. શરૂ થશે. પસંદગીનો નંબર મેળવવા આગામી તા. ૧૦ એપ્રિલ સુધીમાં વાહનમાલિકોને અરજી કરવાની રહેશે. ૧૧ એપ્રિલના રોજ હરાજીની પ્રક્રીયા હાથ ધરાશે.

આર.ટી.ઓ. કચેરીમાં નવી શરૂ થનારી સીરીઝ અંગે સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ માહિતી આપતા જણાવ્યું હતું કે આગામી તા. ૧૧ એપ્રિલથી બાઈકના નંબરો માટે નવી સીરીઝ ચાલુ થશે. હાલ દ્વી ચક્રી વાહનો માટે જીજે-૧૮ સી.એફ.ની સીરીઝ ચાલુ છે. જ્યારે હવે જી.જે.-૧૮ સી.જી.ની નવી સીરીઝ શરૂ થશે. પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા વાહનમાલિકોએ તેમના વાહનોનુ રજીસ્ટ્રેશન વેચાણ તારીખથી ૩૦ દિવસમાં કરાવી તા. ૧૦ એપ્રિલ સુધીમાં આર.ટી.ઓ. કચેરીમાં અરજી કરી દેવા પણ જણાવાયું છે. પસંદગીના નંબર માટે અરજીની સાથે રાષ્ટ્રીયકૃત બેંકનો ડીમાન્ડ ડ્રાફ્ટ રકમ ભરીને આપવાનો રહેશે. વાહનમાલિકે પોતે જ હરાજીની પ્રક્રિયામાં હાજર રહેવુ પડશે. તા. ૧૧ એપ્રિલના રોજ બપોરે ૧૨ કલાકે હરાજીની પ્રક્રિયા યોજવામાં આવશે. નિયત સમય બાદની અરજીઓ સ્વીકારવામાં આવશે નહી. જે વાહન કંપનીના નામે રજીસ્ટર્ડ થયું હોય તેવા વાહનના પસંદગીના નંબર માટે સંબંધિત કંપનીના પ્રતિનિધિએ લેખિત મંજુરી સાથે હાજર રહેવા પણ જણાવાયું છે.

# ઉવારસદ-અડાલજ માર્ગ પર ત્રિપલ અકસ્માત : એકનું મોત

## કર્ણાવતી ડેન્ટલ કોલેજની મીની લકઝરી ઈન્ડીકા ગાડીને ટકરાતા ઈન્ડીકા આગળ જતી ટ્રકમાં ઘુસી ગઈ : ઈન્ડીકાનો કુરચો : બે ની હાલત ગંભીર

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક ઉવારસદ-અડાલજ માર્ગ પર ગૌ





*(તસવીર : વિપુલ ચૌહાણ)*

શાળા પાસે આજે બપોરના અરસામાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. મીની લકઝરીની અડફેટથી ઈન્ડીકા કાર ફંગોળાઈને આગળ જતી ટ્રકમાં ઘુસી જતાં ઈન્ડીકામાં સવાર એકનું મૃત્યુ થવા પામ્યું હતું. જયારે બેને ગંભીર હાલતમાં સારવાર હેઠળ ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અડાલજ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ અમદાવાદના સાબરમતી જવાહર ચોક ખાતે રહેતા ૨૨ વર્ષીય યુવાન દર્શનભાઈ

● અનુસંધાન પાન-૭ પર

# ટેલીફોન એડવાઈઝરી કમિટીમાં મુકેશ પટેલ અને પરેશ પટેલની નિમણુંક

ગાંધીનગર, તા.૧૨



ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી શ્રી કે.પી. સોલંકી અને શ્રી વિજય સોલંકી એક સંયુકત અખબારી યાદીમાં જણાવે છે કે શ્રી મુકેશ પટેલ સચિવાલય ક્રેડિટ સોસાયટી, સચિવાલય સહકારી કેન્ટીન, સચિવાલય સ્ટાપ એસો. વગેરે હોદ્દેદાર તરીકે સેવાઓ આપી સ્વૈચ્છિક સરકારી નોકરીમાંથી નિવૃત્ત થઈને ગાંધીનગર શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે સફળતાપૂર્વક કામગીરી કરે છે. ઉપરાંત ગાંધીનગર જિલ્લા સહકારી પ્રિન્ટીંગ પ્રેસ, કડવા પાટીદાર સમાજના આગેવાન તેમજ ટ્રસ્ટી તરીકેની સેવાઓ વગેરે કામગીરીની કદર કરીને ભારત સરકારશ્રીના કોમ્યુનિકેશન એન્ડ આઈ.ટી. મંત્રાલય નવી દિલ્હી દ્વારા ગાંધીનગર શહેર કોંગ્રેસ પ્રમુખશ્રી મુકેશ કે. પટેલ કે જેઓ પ્રજાના પ્રશ્નોને વાચા આપવા કોંગ્રેસનું સંગઠન મજબૂત બનાવવામાં અગ્રેસર રહેલ છે. તેઓની કામગીરીની કદર કરીને ભારત સરકારશ્રી દ્વારા ટેલીફોન એડવાઈઝરી કમિટીમાં મેમ્બર

● અનુસંધાન પાન-૭ પર

# આર્થિક સંવેદનશીલ મતદાન મથકો અલગ તારવવામાં આવશે : કરવાલ

## આ મતદાન મથકો પર ખાસ સ્કવૉડ રચી જાગૃતિ અભિયાન પણ ચલાવાશે

ગાંધીનગર, તા.૧૨

આર્થિક રીતે સંવેદનશીલ મતદાન મથકો અલગ તારવી ત્યાં જનજાગૃતિ માટે ખાસ જૂથોની રચના કરવાનો મહત્વનો નિર્ણય ચૂંટણી પંચે કર્યો છે.

રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી અનીતા કરવાલે આજે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ચૂંટણી પંચે આર્થિક રીતે સંવેદનશીલ મતદાન મથકો અલગ તારવવા માટે કહ્યું છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારના મતદાન મથકોને અલગ તારવવાની કવાયત પણ ચાલી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર



પી.આઈ. જે.એમ. ભરવાડને લીંબડી પાસે અકસ્માત નડયો : ગાંધીનગર શહેરના સેકટર-૭ પોલીસ સ્ટેશનમાં સિનિ. પી.આઈ. તરીકે ફરજ બજાવતા જે.એમ. ભરવાડ આજે રાજકોટ ખાતે કોર્ટની મુદતમાં જઈ રહ્યા હતા તે દરમિયાન તેમની કારને લીંબડી હાઈવે પર અકસ્માત નડયો હતો. સદભાગ્યે કોઈ ગંભીર ઈજાઓ થવા પામી ન હતી. સામાન્ય ઈજાઓ થતા તેમને હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં. *(તસવીર : વિપુલ ચૌહાણ)*

## બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી **કનૈયાલાલ જગન્નાથ રાવલ (કનુકાકા ફટાકડાવાળા)**નું તા. ૧૧/૩/૨૦૧૪ના રોજ આકસ્મિક દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૧૪/૩/૨૦૧૪ને શુક્રવારના રોજ નીચેના સ્થળે સવારના ૮-૦૦ થી બપોરના ૧-૦૦** કલાક સુધી રાખેલ છે.

સ્થળ : નંદાબાવાડી, મુ. પો. ઉનાવા, તા. ઊંઝા, જી. મહેસાણા

મો. : ૯૮૨૪૪૧૮૯૫૯, ૯૮૯૮૧૬૨૭૭૯

લિ.

**કમલેશભાઈ કનૈયાલાલ રાવલ**
(હેડ કોન્સ. જી.ઈ.બી., પો.સ્ટે. મહેસાણા)
**અમરિષકુમાર કનૈયાલાલ રાવલ** (પત્રકાર)
**રૂદ્રદત્ત કનૈયાલાલ રાવલ**
**તથા સમસ્ત પરિવાર, ઉનાવા**

## શ્રદ્ધાંજલિ



**સ્વ. મનહરસિંહ એલ. રાઠોડ**
સ્વ.તા. ૧૨-૦૩-૨૦૧૪

હે, પ્રભુ....
શું આપીએ અંજલી ? શબ્દો ઓછા પડે છે.
શું આપીએ પુષ્પાંજલિ ? પુષ્પો ઓછા પડે છે.
અંજલિ અર્પણ કરીએ તો આંસુ પડે છે.
તસ્વીર તમારી નિહાળી, હૈયું રડી પડે છે.
**પ્રભુ આપના આત્માને શાંતિ આર્પે એ જ પ્રાર્થના.**

**હરેન્દ્રસિંહ જાદવ | ચિરાગ વ્યાસ**
**વિપુલ પટેલ | જયેશ પટેલ**
**પરેશ પટેલ | જોસેફ ઝેવિયર**







શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com